सत्यमेव जयते

IN THE COURT OF
**MRS.S.N.KULKARNI**
JUDGE CODE: GJ01394
THE 43th ADDL. CHIEF JUDICIAL MAGISTRATE, AHEMEDABAD CITY

**ORDER BELOW EXHIBIT - 1**

આજરોજ ફરી.ની વારંવાર પોકાર કરવા છતાં હાજર નથી તેમજ કેસ રેર્કડ વંચાણે લેતાં, સદરહુ ફરિયાદ ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ – ૧૩૮ હેઠળ દાખલ કરેલ છે અને રોજકામ જોતાં હાલનું કામ ઘણા લાંબા સમયથી આરોપીને **પ્રોસેસની બજવણીના સ્ટેજે ચાલતુ હોવા છતાં** અને મુદત તારીખના **સમન્સ/વોરંટ/ ટ્રેક રીર્પોટ આર.પી.એડી. આરોપીના** સદર સરનામે બજવણી નહિ થયેલ હોવાનું તેમજ આરોપીને ઈશયુ કરવામાં આવેલ પ્રથમ સમન્સ કવર સાથે લેફટના શેરા સાથે પરત આવેલ હોય તેવું રેકર્ડ ઉપર જણાઈ આવે છે તેમ છતાં ફરિયાદીએ હાજર રહી પોતાનો કેસ આગળ ચલાવવા કોઈ દરકાર લીધેલ નથી. વળી નામ. ગુજરાત હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ડાયરેકશન ધ્યાને લેતાં જુના અને ટાર્ગેટેડ કેસોનો વહેલી તકે ન્યાયિક નિકાલ કરવા સુચનો આપેલા છે, તે પ્રમાણે પણ ફરિયાદીએ હાલના કેસમાં ઘણા લાંબા સમયથી આરોપીને હાજર કરાવવા એટલે કે, આરોપીને **પ્રોસેસની બજવણી કરવા માટે કોઈ** પ્રયત્ન કરેલા નથી. વળી, રેકર્ડ વંચાણે લેતાં હાલનો કેસ આશરે **બે વર્ષ – ટાર્ગેટેડ** જેટલો જુનો છે અને હાલના કામે ફરિયાદીને અવાર – નવાર તક, તારીખ અને સમય મળવા છતાં કેસ આગળ ચલાવવા સતત નિષ્કાળજી કરવામાં આવેલ છે, તેમજ ફરિયાદી અને ફરિયાદી તરફે વકીલશ્રીએ પણ છેલ્લા લાંબા સમયથી કેસ કાર્યવાહીમાં હાજર રહી **પ્રોસેસની બજવણી કરવા માટે કોઈ** દરકાર લીધેલ નથી. વધુમાં ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નંબર ૨૪૦૫/ ૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા. ૧૮/૦૧ /૨૦૧૦ ના ચુકાદામાં નામ. ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે, જો ફરિયાદી પોતાની ફરિયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયિક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરિયાદીની ફરિયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સંબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચિત હોવાનું ઠરાવેલ છે. આ સંજોગોમાં ક્રિ. પ્રો.કોડની કલમ – ૨૫૬ ની જોગાવઈ વંચાણે લેતાં તે નીચે મુજબ છે.

**256.** Non- appearance or death of complaint. -

[1] if the summons has been issued on complaint and on the day appointed for the appearance of the accused, or any day subsequent thereto to which the hearing may be adjourned, the complainant dose not appear, the magistrate shall notwithstandig anything herein before contained, acquit unless for some reson he think it proper to adjourn the hearing of the case to some other day:
provide that where the complainant is represented by a pleader or by the officer conducting the prosecution or where the magistrate is of opinion that personal attendence of the complainant is not necessary, the magistrate may dispence with his attendance and proceed with the case.

[2] The provisions of sub- section (1) shall, so far as may be, apply also to cases where the non-appearance of the complainant is due to his death.

આમ, કેસનુ રેકર્ડ તથા ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૬ ની જોગવાઈ વંચાણે લઈ, ફરિયાદીને વ્યાજબી અને પર્યાપ્ત તક, તારીખો અને સમય આપવા છતાં પોતાનાં કેસમાં આરોપીને પ્રોસેસની બજવણીના સ્ટેજે વારંવાર–સતત ગેરહાજર રહેલા છે અને કેસ ચલાવવામાં વિલંબ આચરેલ છે જે ન્યાયિક રીતે વ્યાજબી નથી. તે સંજોગોમાં હાલના કામે ન્યાયના વિશાળ હીતમાં, ક્રિ.પ્રો.કોડની કલમ –૨૫૬ ની જોગવાઈ પ્રમાણે ફરિયાદીની ગેરહાજરી સબબ તથા આરોપીને પ્રોસેસની બજવણી નહિ કરવા સબબ આરોપને નિર્દોષ ઠરાવી ફરિયાદીનો કેસ ડીસમીસ ફોર ડિફોલ્ટથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૮/૧૧/૨૦૨૫
અમદાવાદ

**(એસ.એન.કુલકર્ણી)**
**૪૩માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ શહેર**
**(કોર્ટ નં –૫૨)**